## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




પ્રભુ, ભારત વ્રષમાં અડધા લોકો રામજી રામજી કરે છે અને બાની ફાઈવજી ફાઈવજી કરે છે..!!

# દેશમાં પવન ઊર્જા ક્ષેત્રે ગુજરાત અવ્વલ સ્થાને : પ્રથમ પુરસ્કાર

ગાંધીનગર, તા. ૧૭

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત નવીન અને બિન પરંપરાગત ઊર્જા મંત્રાલય (MNRE) અને નએશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ વિન્ડ એનર્જીની રજત જયંતિની વૈશ્વિક ઉજવણીના ભાગરૂપે થયેલા કાર્યક્રમમાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ હેઠળ કાર્ય કરતી જેડાને વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન દેશમાં સૌથી વધુ પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા હાંસલ કરવા માટે ભારત સરકારના પુનઃ પ્રાપ્ય ઉર્જા મંત્રાલય (MNRE) દ્વારા મંત્રી આર.કે. સિંહના વરદહસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવેલ છે.



ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી દ્વારા ક્લાઈમેટ ચેન્જ વિભાગ અને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની નીતિઓ હેઠળ પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતામાં ગત વર્ષ દરમ્યાન ૧૪૬૯ MWની સ્થાપિત ક્ષમતા હાંસલ કરવામાં ગુજરાત દેશના તમામ રાજ્યમાં અગ્રણી રહીને પ્રથમ સ્થાન મેળવેલ હતું. હાલમાં રાજ્યમાં ૯૨૧૮ MWની પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા તથા પવન ઉર્જાની જેમ જ ગુજરાતમાં સોલાર રૂફટોપ ક્ષેત્રે છેલ્લા ૫ વર્ષથી સતત દેશના તમામ રાજ્યોના સૌથી વધુ સ્થાપિત ક્ષમતા પ્રાપ્ત સાથે કુલ ૧૮૭૩ MW સહિત કુલ સૌર ઊર્જા ૭૭૮૨ MW થયેલ છે. આમ ગુજરાત પુનઃપ્રાપ્ય ઉર્જાની કુલ ૧૭,૦૦૦ MWની સ્થાપિત ક્ષમતા સાથે સમગ્ર દેશમાં અગ્રેસર છે.

ભારત સરકારના જણાવ્યા અનુસાર ગુજરાતે પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે સારી કામગીરી કરીને ક્લાઈમેટ ચેન્જ સામે અસરકારક પગલાંઓ લેવામાં નોંધપાત્ર કામગીરી કરી છે. જેમાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ હસ્તકની જેડાની કામગીરી રાષ્ટ્રીયકક્ષાએ બિરદાવવામાં આવેલ છે. ક્લાઈમેટ ચેન્જ વિભાગ હસ્તકની ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીએ વિભાગ દ્વારા ફળવાતા બજેટ હેઠળની વિવિધ યોજનાઓ જેમ કે સરકારી ઈમારતો પર સોલાર રૂફટોપમાં છેલ્લા ૫ વર્ષમાં વિભાગે ૧૩૩૦ સરકારી મકાનો પર કુલ ૨૩૭૨૯ KW કામગીરી માટે કુલ રૂ. ૯૦.૩૨ કરોડનો ખર્ચ થયેલ છે.

સરકારી મકાનો પર લાગેલી સોલાર રૂફટોપના કારણે લાંબા ગાળાના પર્યાવરણીય ફાયદાઓ ઉપરાંત દર વર્ષે રૂ. ૧૦ કરોડના વીજબીલની બચત પણ મેળવવામાં આવે છે. તથા બેટરી સંચાલિત દ્વિ-ચક્રીય વાહનોમાં ધોરણ-૯ થી શાળા કોલેજના વિદ્યાર્થીઓને છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૩૫૯૮૧ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૪૩.૦૦ કરોડ સીધા ડીબીટીના માધ્યમથી બેંક ખાતામાં સબસીડી પેટે જમા કરાવેલ છે. જેડા દ્વારા સંસ્થાકીય બાયોગેસ યોજનામાં છેલ્લા ૫ વર્ષમાં કુલ ૧૭૩ પ્લાન્ટ માટે કુલ રૂ. ૨૩.૦૫ કરોડની સહાય આપવામાં આવેલ છે.

## ગોયેન્કા હોસ્પિટલ સામે રોડ ક્રોસ કરતા સમયે કારની ટકકરે શખ્સનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર મહુડી માર્ગ પર ઉનાવા ગામની સીમમાં ગોયેન્કા હોસ્પિટલ પાસે ગતરોજ રાત્રીના સમયે રોડ ઓળંગતા સમયે કારને ટક્કરે એક વ્યકિતનું ગંભીર ઈજાને પગલે મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર-મહુડી માર્ગ પર ગોયેન્કા હોસ્પિટલ પાસે ક્રિષ્ના પાર્લર નજીક ઉનાવા ગામની સીમમાં ગઈકાલ રાત્રીના આઠ વાગ્યાના અરસામાં કાર નં. જી. જે. ૦૧. એચ. જે. - ૫૮૬૦ ના ચાલકે પોતાની કાર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રોડ ક્રોસ કરી રહેલા કાળુભાઈ બદીયા ગરાસીયા ( મુળ રહે. જગોલા મુવાડા ફળીયુ, તા. ફતેપુરા, જી દાહોદ)ને ટક્કર મારતા અકસ્માત થયો હતો. આ બનાવમાં કાળુભાઈને શરીરે ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયું હતું. જયારે અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. જયારે કાર ચાલક ટક્કર મારી નાસી ગયો હતો. જયારે બનાવ અંગે મૃતકના દિકરાએ પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર,તા.૧૭

કલોલ તાલુકા પોલીસ મથકના પ્રોહિબિશનના ગુનામાં અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે કાચા કામના કેદી તરીકે સજા ભોગવી રહેલા અને વચગાળાના જામીન ઉપરથી ફરાર થયેલા કેદીને એલસીબી-૨ એ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો ફરાર કેદીઓને પકડી પાડવા માટે વિવિધ ટીમો બનાવી કામગીરી કરી રહ્યા છે. ત્યારે એલસીબીના એએસઆઈ જોગીન્દર મેહરસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે કલોલ તાલુકા પોલીસ મથકના ગુનામાં પ્રવિણજી અમરતજી ઠાકોર (રહે પ્રતાપપુરા નવા અંબાજી પરા કલોલ) કાચા કામના કેદી નં.૧૩૦૪ થી અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે સજા ભોગવી રહ્યા છે. મજકુર કેદીને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ૬૦ દિવસના વચગાળાના જામીન પર મુકત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ જામીન રજા ઉપરથી પરત જેલ ખાતે હાજર થવાનું હોવા છતા હાજર ન થઈને ફરાર થઈ ગયા હોવાની માહિતીને પગલે એલસીબી-૨ ની ટીમે વોચ ગોઠવી ટીમે કેદી પ્રવિણજી અમરતજી ઠાકોર ને ઘરે થી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

## કોબા પાસે મહિલાના પર્સ અને મોબાઈલની લુંટ ચલાવનાર ત્રણ લુંટારૂઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૭

શહેરના કોબા માર્ગ પર રાજધાની હોટલ સામેથી પસાર થતી એકટીવા સવાર મહિલાઓનો પીછો કરી રોકડા રૂપીયા, મોબાઈલ ફોન, આધારકાર્ડ અને એટીએમ કાર્ડ મુકેલા પર્સની લુંટ કરી નાસી જનાર ત્રણ શખ્સોને ઈન્ફોસીટી પોલીસે ગણતરીના સમયમાં જ અમદાવાદના કુબેરનગરમાંથી પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલી દીધો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૭ શિવમ સોસાયટીમાં રહેતા શિખાબેન દિપકભાઈ કંસારા તેમના નણંદ સંગીતાબેન સાથે એકટીવા લઈને મણીનગર ગયા હતા. ત્યારે સંગીતાબેનના જુના ઘરેથી જરુરી સામાન લઈને તેમની દિકરીનું લિવિંગ સર્ટીફિકેટ સ્કુલમાંથી લીધા બાદ ગાંધીનગર પરત આવી રહ્યા હતા.તે સમયે શિખાબેને એકટીવા આગળ પર્સ રાખ્યું હતું. જયારે રસ્તામાં નાસ્તો પણ કર્યો હતો. કોબા સર્કલ થી રાજધાની હોટલ સામે માર્ગ પર પહોંચતા જ પાછળથી બાઈક પર ત્રણ લુંટારૂઓ આવ્યા હતા.જેમાં પાછળ બેઠેલા શખ્સે ચાલુ બાઈકે એકટીવામાં લટકાવેલા પર્સની ઉંઠાતરી કરી હતી. જો કે ચાલુ વાહને પર્સની લુંટ ચલાવતા શિખાબેને પર્સ પકડી પાડ્યું હતું. પરંતુ અચાનક ઝટકો લાગતા હાથમાંથી પર્સ છટકી ગયું હતું. જયારે એકટીવા પર કાબુ ગુમાવી દેતા દશ ફુટ જેટલા બંને મહિલાઓ ઢસડાઈ હતી. મહિલાઓને ઈજા પહોંચી હોવાથી સારવાર માટે ખસેડાઈ હતી. જયારે લુંટારૂઓ પલાયન થઈ ગયા હતા. બનાવની જાણ થતા ઈન્ફોસીટી પીઆઈ વી.જી.રાઠોડ તાત્કાલીક સ્થળ પર પહોંચી ગયા હતા. પોલીસે સીસીટીવી ફુટેજ મેળવવાની કામગીરી શરુ કરી હતી. પરંતુ મહાનગર પાલિકાના કેમેરા બંધ હાલતમાં હતા. જેથી પોલીસે ત્રણ ટીમો બનાવી વિવિધ દીશામાં તપાસ અર્થે મોકલી આપી હતી. ત્યારબાદ નેત્રમ કેમેરા ચેક કરતા શહેરમાં આવતા અને જતા વાહનોની તપાસ કરી હતી.

પિડિતાના વર્ણન મુજબ બાઈક પર ધ્યાને કેન્દ્રીત કરાયુ હતું. રીવર્સ ફુટેજ ફોર્મ્યુલા મુજબ કેમેરા ચેક કરતા એપોલો સર્કલ પર ત્રણ શખ્સો નંબર વિનાના એફ ઝેડ બાઈક પર નજરે પડ્યા હતા. પોલીસે ૨૫ જેટલા બાઈકના નંબર મેળવી એક પછી એક તમામની ચકાસણી કરી હતી. ત્યારપછી સરદારનગર ગાર્ડન ગલીથી અનુરાગ નરેશકુમાર જેસવાની, મનિષ સુનિલકુમાર જોધાણી (માતૃભુમી સોસાયટી કુબેરનગર અને સાહિલ મહેશકુમાર હીરવાણીને (કુબેરનગર)ને ઉઠાવી લીધા હતા.

## સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી ભાટ ખાતે યોજાઈ તજજ્ઞોની પ્રવચનમાળા



ગાંધીનગર, તા. ૧૭

શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ભાટ ગાંધીનગર ખાતે સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટિવલ-૨૦૨૨ અંતર્ગત વિજ્ઞાન ગુર્જરી, કર્ણાવતી, ગાંધીનગર યુનિટના માર્ગદર્શન હેઠળ સ્વતંત્રતાનો અમૃત મહોત્સવ હેઠળ રાષ્ટ્રીય લેવલની કોમ્પિટિશન અને નિષ્ણાતો દ્વારા એક્સપર્ટ ટોકની સીરીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનાં ભાગરૂપે એસ.એસ.આઈ.ટી., ભાટ, ગાંધીનગરના ઈજનેરી શાખાના ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ અને અધ્યાપક મિત્રો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ એક્સપર્ટ ટોકમાં મુખ્ય વક્તા તરીકે ડો. સુજોય ચૌધરી (ડીન, રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઈન્ડસ યુનિવર્સિટી) દ્વારા ટર્બોચાર્જર વિષય પર વિશેષ વ્યક્તત્વ આપવામાં આવ્યું હતુ તથા ડો. વિજયકુમાર ગઢવી દ્વારા વિજ્ઞાન ગુર્જરી અને સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટિવલ-૨૦૨૨ ની માહિતી તેમજ રૂપરેખા આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના ડાયરેક્ટર ધર્મેશ વંડરા અને પ્રિન્સીપાલ ડો. હિતેશ વંડરા દ્વારા વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોને ઉત્સાહિત કર્યા હતા.

## ખૂણેખાંચરેથી

- આજે જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે મળશે.
- જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો જિલ્લાકક્ષાનો લોકાર્પણ કાર્યક્રમ અડાલજ જગન્નાથ મંદિર ખાતે યોજાશે. જેમાં ૧૦ લાભાર્થીઓને પ્રતીકાત્મક ચાવી એનાયત કરવામાં આવશે.
- જિલ્લા પંચાયત અપીલ સમિતિની બેઠક આજે મળી હતી.
- શેરડીના કોલાઓ ધીમી ગતિએ બંધ થવાના શરૂ થયા છે.
- કલોલ તાલુકાના જાસપુર ખાતેના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરને આયુષ્યમાન ભારત અંતર્ગત ગુણવત્તાસભર સેવાઓ માટે ભારત સરકારની ટીમ દ્વારા આજે મૂલ્યાંકન કરવામાં આવ્યુ હતુ.
- રાજયના નાણાં વિભાગે ૯૧ જેટલા હિસાબી અધિકારીઓની સામુહિક બદલીનો હુકમો કર્યા છે.
- અગિયાર ગોળ વણકર સમાજ દ્વારા સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીને લઈ વિવિધ પ્રશ્નોની રજુઆત કરી હતી.
- કલોલમાં વસવાટ કરતા મોટાબાર ગામ કડવા પાટીદાર સમાજની બેઠક યોજાઈ હતી.
- ગાંધીનગરમાં ૨૧મી જૂને ઔદ્યોગિક રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચિકનગુનિયાના કેસો દેખાતા તંત્ર દોડતુ થયુ છે.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## સ્મરણાંજલિ



મેજર વિનોદ જોષી

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥
॥ श्रीमद भगवद गीता २:२३ ॥

આ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી,
પાણી ભીંજવી શકતું નથી અને પવન સૂકવી શકતો નથી.
॥ શ્રીમદ ભગવત્ ગીતા ૨:૨૩ ॥

આજે

આપની અગીયારમી પુણ્યતિથિએ...

આપના પુણ્ય આત્માને શત્ શત્ પ્રણામ

પ્રજ્ઞાબેન વિનોદચંદ્ર જોષી

પ્રિતેશ વિનોદચંદ્ર જોષી — નિકિતા પ્રિતેશ જોષી
વિરલ વિનોદચંદ્ર જોષી — હેમા વિરલ જોષી
ઈશાની નિશીત વ્યાસ — નિશીત જદુરાય વ્યાસ

તથા સમગ્ર પરિવાર

## પાવન સ્મરણ



સ્વ. જ્યોતિન્દ્ર વ્યાસ

જન્મ તારીખ : ૩/૧૨/૧૯૫૧ ● સ્વર્ગવાસ તારીખ : ૧૮/૬/૨૦૧૯

તમે એક પલમાં જીંદગીભરનું સંભારણું છોડીને ચાલ્યા ગયા,
જીંદગી હતી ટૂંકી છતાં લાગણી ઘણી મૂકી ગયા,
જીવ્યા થોડું પણ જીતી ઘણું ગયા, હસીને હસાવનાર બધાને રડાવી ગયા,
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

તૃતિય પૂણ્યતિથિએ અમારા વંદન...

મયૂરી જ્યોતિન્દ્ર વ્યાસ

કુણાલ જ્યોતિન્દ્ર વ્યાસ — પૂર્વી કુણાલ વ્યાસ

શર્વી ● ધારક

સમગ્ર વ્યાસ પરિવાર

પૂજા પાર્લર પરિવાર, સેક્ટર-૨૧, ગાંધીનગર